# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ :૧૯ અંક :૩ ૧૫-૧-૨૦૦૯ સળંગ અંક :૨૧૨

સંપાદકો

પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી

**WELCOME**

**Sardar Patel University and its fraternity heartily welcome the members of NAAC Peer Team visiting from 19th to 21st February, 2009 for Re-accreditation.**

## સંપાદકીય

### त्यक्तोतिष्ठ परंतपः

લાગે છે કે ૨૧મી સદી સમસ્યાઓની સદી છે. ભલે વીસમી સદીમાં માનવજાતે બે-બે વિશ્વયુદ્ધોની વિભિષિકા વેઠી, પરંતુ આ નવી સદીના આરંભે જ એક-એક થી ચઢીયાતી સમસ્યાઓ - મહાસમસ્યાઓ - મોં ફાડીને ઊભી છે. આતંકવાદ, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મીંગ, ઉપભોક્તાવાદ જેવી અનેક સમસ્યાઓના નિરાકરણ અર્થે મનુષ્ય ઝઝૂમી રહ્યો છે.

આ સમસ્યાઓને લીધે આપણું સહજ સ્વાભાવિક જીવન નંદવાઈ ગયું છે. જાણે અભિશપ્ત લાઓકૂનની ફરતે નાગચૂડ વધારે સખત બની છે. એમાં મનુષ્ય વિષાદ યોગમાં સરી પડ્યો છે. એને લાગે છે કે - આ વિરાટ વિશ્વમાં બધું અકસ્માતોની પરંપરા છે. એમાં ભગવાન જેવું તો ક્યાંય છે જ નહીં.

આવો જ વિષાદ થોડા જુદા સંદર્ભે મહાભારતકાળમાં અર્જુનને ઘેરી વળ્યો હતો. અર્જુન છે સમગ્ર માનવજાતનો પ્રતિનિધિ. એના સખા છે યોગેશ્વર કૃષ્ણ. અર્જુનના અને આજના માણસના વિષાદમાં તાત્ત્વિક ભેદ છે. આપણો વિષાદ ભયજનિત છે, જ્યારે અર્જુન મહાભારતના યુદ્ધથી ડરી ગયો નહોતો. પરંતુ હૃદયદૌર્બલ્યનો શિકાર બન્યો હતો.

માનવજાતના વિષાદનું ઉન્મૂલન કરવા યુગે યુગે પરમ ચેતના અવતરે છે. અર્જુનને પરમ સખા શ્રી કૃષ્ણ કહે છે : હે અર્જુન, આર્યોએ નહીં સેવેલો, સ્વર્ગ ન અપાવનાર, અપકીર્તિ કરનાર મોહ તને ઘેરી વળ્યો છે. આ કાયરતા છે. હે પરંતપ આ કાયરતા છેડી દે. આ તને શોભતી નથી. ‘क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्तोतिष्ठ परंतपः‘

શ્રી કૃષ્ણનું આ માર્ગદર્શન આજે તો સૌથી વધુ પ્રસ્તુત છે. એમનો આ ચેતન મંત્ર શતાબ્દીઓના ચિરશાંત ઘુમ્મટોને ગજાવતો આપણા સુધી આવી પહોંચ્યો છે. આપણે હૃદયદૌર્બલ્યને છોડી દેવાનું છે.

આ હૃદયદૌર્બલ્ય છૂટે કઈ રીતે ? આપણને લાગે છે કે હું તો અસહાય છું. આ એક તોતીંગ ગંજાવર વિશ્વમાં હું માંડ માંડ શ્વસી રહ્યો છું. અનેક સાંકળોથી બંધાઈ ગયો છું. મારાથી કશું થઈ શકે એમ જ નથી !

આ માનસિકતા પાપમય છે. રોગિષ્ઠ છે. એમાંથી આપણે તત્કાળ બહાર નીકળવાની જરૂર છે. આપણે સમુદ્રનું ઉલ્લંઘન કરતા પહેલાની હનુમાનની માનસિકતામાં આવી ગયા છીએ. હનુમાનને લાગે છે કે આ જોજનો સુધી પથરાયેલો સમુદ્ર તો મારાથી કેમ કરીને ઓળંગાશે ! મારામાં આવું સામર્થ્ય તો છે જ નહીં. આ વખતે એની સાથે પ્રૌઢ, વિચક્ષણ મંત્રી જાંબુવાન હોય છે. એ હનુમાનને એની અસલીયતનું ભાન કરાવે છે. ને હનુમાન ખરેખર પોતાન જાત પ્રત્યે, પોતાના સામર્થ્ય પ્રત્યે સભાન થાય છે. ને જય શ્રી રામ કરીને અશક્યવત લાગતું સમુદ્રલંઘનનું કાર્ય સિદ્ધ કરે છે.

આ હનુમાનત્વ (હનુમંત ચેતના) આપણી નસોને નાડીઓમાં વહી રહી છે. આપણે મૂળે તો અમૃતત્ત્વના સંતાનો છીએ. આપણે સભાન થઈશું તો સમજાશે કે આપણી તમામ સમસ્યાઓનું મૂળ આપણી ભીતરમાં જ છે. આપણને કોઈ બદમાશ લાગે છે. કારણ કે બદમાશી ખુદ આપણામાં જ ભરી પડી છે. આપણને કોઈ કામચોર લાગે છે. કારણ કે આપણે પોતે જ કામચોર છીએ. આ બધું અજ્ઞાનતામાંથી આવે છે. જડતામાંથી અચેતનતામાંથી આવે છે. આ બધું દેવતાના પર લાગી ગયેલી રાખ જેવું છે. આપણે ફૂંક મારીને આ રાખને ઉડાડી મૂકવાની છે. જાત સાથે જ સંગ્રામ ખેડવાનો છે. આપણો એક કવિ આ માટે કૃત સંકલ્પ થતાં કહે છે : ‘ઘણુંક ઘણું ભાગવું ઘણ ઉઠાવ મારી ભુજા...’

જો આપણે આમ નહીં કરીએ તો અનંત કાળ પ્રવાહમાં આપણે એક પરપોટાની જેમ વિલીન થઈ જઈશું. સમયના પટ પર આપણી કશી છાપ નહીં રહે. આજે વાલ્મીકિ, વેદવ્યાસ કે કાલિદાસને યાદ કરીએ છીએ. અરે કેવટ, એકલવ્ય કે શબરી, અહલ્યાને પણ સંભારીએ છીએ. તેઓ સમયનું આ સત્ય સમજી ચૂક્યા હતા. એમણે કૃત સંકલ્પ થઈને પોતાનું હૃદયદૌર્બલ્ય વિદારી કાઢ્યું હતું. ને શાશ્વતીમાં તેઓ અમીટ છાપ મૂકી ગયા છે.

હવે પસંદગી આપણા હાથમાં છે. સત્ય કે પતનની ખીણ. આપણો સારથી આપણને કહી રહ્યો છે : ‘क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्तोतिष्ठ परंतपः ।‘

-નિરંજન પટેલ

## Teaching - Learning

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ**માં દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ ૭-૮ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ ૩૬૮ પ્રતિભાગી, ૧૭ વિષય વિશેષજ્ઞોની ઉપસ્થિતિમાં કુલપતિ ડૉ. બી.જી. પટેલની અધ્યક્ષતામાં તથા અતિથિ વિશેષ ડૉ. શિવકુમાર મિશ્ર અને સમન્વયક ડૉ. શિવપ્રસાદ શુકલની દેખરેખ હેઠળ સંપન્ન થયો. ડૉ. શિવકુમાર મિશ્રે 'વિશ્વગ્રામઃ સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય'ની વિભાવના પર પ્રકાશ પાડી એની ભયજનક સ્થિતિ થી પ્રતિભાગિઓને સભાન કર્યા હતા. અધ્યક્ષ ડૉ. બી.જી. પટેલે વિજ્ઞાન, ટેકનોલોજી અને સાહિત્યના સંબંધ પર પ્રકાશ પાડ્યો હતો. ઉદ્‌ઘાટન સત્રોમાં ૩૪૦ જેટલા આલેખ /શોધપત્રોનું વાંચન કરવામાં આવ્યું હતું.

સમાપન સંગોષ્ઠીમાં અતિથિ વિશેષ ડૉ. અવધેશ કુમાર સિંહ, કુલપતિ, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ એ 'વિશ્વગ્રામ : સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય'ની વિભાવના સ્પષ્ટ કરતાં કહ્યું કે આ વિષય ઉપર ક્યાંય રાષ્ટ્રીય પરિસંવાદ થયો નથી. ખરેખર નલિની કોલેજના આચાર્ય અને સાથીદારો ધન્યવાદને પાત્ર છે. સમાપન સત્રના અધ્યક્ષ આચાર્ય આર. પી. પટેલે તકનીકી, સંચાર પ્રોદ્યોગિકી વગર સાહિત્ય ચાલેજ નહીં એમ કહીને બન્નેના સહસંબંધો ઉપર પ્રકાશ પાડ્યો હતો. ઉદ્‌ઘાટન અને સમાપન સત્રનું આભાર-દર્શન ડૉ. શિવપ્રસાદ શુકલે અને સમગ્ર સંગોષ્ઠીનું સંચાલન ડૉ. જગન્નાથ પંડિતે કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**ના અધ્યાપકો ડૉ. પી. કે. યાજ્ઞિક, ડૉ. દિલીપ પટેલ, ડૉ. ધીરજ પરમાર અને ડૉ. મહેશ સોલંકીએ દિવાળી વેકેશનમાં તા. ૭ અને ૮ નવેમ્બર ૨૦૦૮નાં રોજ ઉત્તરપ્રદેશના મથુરાની 'રાજીવ એકેડેમી ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી' સંસ્થામાં "Today's Education and Tomorow's Nation" વિષય પર યોજાયેલ નેશનલ કોન્ફરન્સમાં અભ્યાસ લેખ પ્રસ્તુત કર્યો હતો.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ.),** વલ્લભ વિદ્યાનગર આયોજીત અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અનુદાનિત ત્રિદિવસીય સેમિનાર 'શિક્ષકત્વ : ક્ષમતા પ્રતિબદ્ધતા' તાજેતરમાં યોજાઈ ગયો. સેમિનારમાં ૫૮ જેટલા ખેડા જીલ્લાની વિવિધ શાળાઓનાં શિક્ષક ભાઈ-બહેનો સહભાગી થયેલા.

પ્રથમ દિવસે તજ્જ્ઞ ડૉ. જે. બી. પટેલે 'પર્યાવરણ બચાવો' વિષય પર તાર્કિક અને ગાણિતીક દલીલો સહિત પાણી, વનસ્પતિ અને ઉર્જા સ્ત્રોતોને બચાવવા પર વિવિધ દષ્ટિકોણ રજૂ કર્યા હતા. જેને લગતી પ્રશ્નોત્તરી પણ કરાઈ હતી. બાદ ડૉ. આર. એમ. દિવાને શિક્ષકની પ્રતિબદ્ધતા કેવી હોવી જોઈએ તે વર્ણવ્યું અને દરેક શિક્ષકે કોઈપણ બે પ્રતિજ્ઞા લેવા પર સૌને સહમત કરેલા. જ્યારે ડૉ. અલકા મેકવાને વ્યવસાયિક શિસ્ત અને વર્તનની અનિવાર્યતા સ્પષ્ટ કરતાં પીન્ટુ વિરુધ્ધ પુરષોત્તમનો ભેદ પાડતાં શિક્ષક અને શિક્ષકત્વની પરિભાષા સ્પષ્ટ કરી હતી. અધ્યેતા શિક્ષકની સામેલગીરીથી અધ્યયન અને અધ્યાપનને લગતાં મુદ્દાઓને ક્રમમાં ગોઠવવાની મહત્વની બાબતો જણાવી હતી.

જૂના પુરાણા રૂઢિગત સ્ટીરિયો ટાઈપ ટીચીંગમાંથી મોડર્ન ટીચીંગમાં પ્રવેશવાની તરકિબ જણાવી હતી. ડૉ. એ.બી. પટેલે 'શિક્ષક એક વાચક તરીકે' પર વાચનનું મહત્વ, તેમાંથી પ્રતિપાદિત થતું અર્થગ્રહણ અને વાંચનની ક્ષમતાઓ કઈરીતે વિકસાવવી કે જેથી કરીને શિક્ષક-વિદ્યાર્થી સંબંધ વધુ સઘન બની રહે, તે પર વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ કરી વિસ્તૃત માહિતી આપી હતી.

સુશ્રી (ડૉ.) એમ.આર. પટેલે 'કમ્યુનીટી વર્ક' વિષય પર સમાજસેવા શું છે ? શા માટે સમાજસેવા પરોક્ષ શિક્ષણ બની રહે છે ? તેની રાષ્ટ્રીય સેવા યોજવાની કાર્યવિધિ અને સ્વયંસેવકની કાર્યશૈલીના જીવંત દષ્ટાંતો રજૂ કરી સમજ આપી હતી.

તા. ૨૯-૧૧-૨૦૦૮ના દ્વિતિય દિવસે ડૉ. ઉષાબેન ખેરે 'અધ્યાપન માટે અનુકૂળ વલણોનો વિકાસ' અંગે શિલ્પકારની વાર્તાથી આરંભ કરીને વલણ તરફનો ઝુકાવ સ્પષ્ટ કર્યો. 'ફાધર ડે' વાર્તાનું વિશ્લેષણ કરાવીને તેમાંથી નિષ્પન્ન થતાં વલણોની યાદી બનાવી વિવેચન પ્રવૃત્તિ કરાવી. શિક્ષકોના પ્રશ્નોના ઉત્તર વાર્તાના વિવેચનમાંથી જ સ્પષ્ટ કર્યા. ટોફલરે સૂચવેલાં કૌશલ્યો જણાવીને આધુનિક વ્યક્તિની સજ્જતા દર્શાવી હતી.

દ્વિતીય વ્યાખ્યાનમાં ડૉ. જે.બી. પટેલે વિદ્યાર્થીઓના માપદંડ વિશે માહિતગાર કરીને ક્રિએટીવ રિસર્ચ પર કોમ્પ્રીહેન્સીવ ચર્ચા કરી. સમસ્યાને ઓળખવાની પ્રયુક્તિઓ દર્શાવીને સંશોધનના પ્રકારો સ્પષ્ટ કર્યા.

ડૉ. નીપાબેન ભરૂચાએ 'વર્ગખંડ પ્રતિબદ્ધતા'ની પ્રારંભિક રજૂઆત કરીને મોડેલ્સ ઓફ ટીચીંગ -'શિક્ષણ પ્રતિમાન' વિશે વ્યવહારિક રજૂઆત કરી 'ભ્રષ્ટાચાર' જેવા વિષયને વિવિધ રીતે સોપાનબદ્ધ કરીને 'સર્જનાત્મક પ્રતિમાન' સાયન્ટીફિક મોડેલની રજૂઆત કરી.

ડૉ. ઈશ્વરભાઈ વાઘેલાએ મૂલ્ય શિક્ષણ અંગે વિશેષ માહિતી આપતાં જણાવ્યું હતું કે મૂલ્ય કોનું હોય ? 'શિક્ષક' પોતે જ મૂલ્યનિષ્ઠ પાત્ર બની સમાજ પરિવર્તનમાં પોતાનું પાત્ર ભજવી અનેક વિધ ક્ષમતાઓનું દર્શન કરાવે છે.

અંતિમ વ્યાખ્યાનમાં ડૉ. ભરતભાઈ પંડ્યાએ હોલીસ્ટીક મેનેજમેન્ટ Hurry, Worry and Curry (Pungent Food) થી દૂર રહીને સ્વસ્થ જીવન જીવવાનો વિચાર દર્શાવ્યો હતો.

તૃતીય દિવસ તા. ૩૦-૧૧-૨૦૦૮ના રોજ ડૉ. અલકાબેન મેકવાને Telling & Listeners ના બે સ્થંભો કરતાં પ્રોજેક્ટ કાર્યને આત્મા ગણીને પ્રોજેક્ટ કાર્યનું મહત્વ સ્પષ્ટ કર્યું.

દ્વિતીય વ્યાખ્યાનમાં પ્રા. દિપાલીબેન મહિડાએ વર્તમાન સમયની સમસ્યા Stress Management પ્રશ્નોત્તરીથી આરંભી. તેમણે

'તણાવ'ના માનસિક પ્રતિભાવો, વર્તનલક્ષી પ્રતિભાવો અને શારીરિક પ્રતિભાવો વિશે ક્રમીક મુદ્દાસહ સ્પષ્ટતા કરી.

સેમિનારના છેલ્લા ચરણમાં ડૉ. એ.કે. શાહે એડવાન્સ પ્લાનીંગની સમજ આપી હતી.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કૉલેજના સંસ્કૃત (સ્નાતક) વિભાગ**ના ઉપક્રમે તાજેતરમાં વિદ્યાર્થીલક્ષી સેમિનાર યોજાઈ ગયો. પ્રસ્તુત સેમિનારમાં સર્વશ્રી ખોડાભાઈ મકવાણા, અજિત પઢિયાર, વિજય પરમાર, મુકેશ ડામોર, લલિત કટારા, કુ. નીલમ પરમાર, કુ. ચારુલ દવે વગેરેએ કાલિદાસની પ્રણયવિભાવના, અક્ષસૂક્તમાં સમાજ દર્શન, વેદાંત દર્શનમાં દેવીશક્તિની વિચારણા, કેનોપનિષદમાં નિરૂપિત દર્શન, કાવ્યશાસ્ત્રીય સંકેતવિષયક મતો અને ભગવદ્-ગીતાનો જીવનસંદેશ જેવા વિષયો અંગે પોતાના અભ્યાસલેખો રજૂ કર્યા હતા.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે. એમ. પટેલ પી.જી. સ્ટડિઝ એન્ડ રીસર્ચ ઈન હ્યુમેનિટિઝ સેન્ટર**ના ઉપક્રમે તાજેતરમાં વિદ્યાર્થીલક્ષી પરિસંવાદ યોજાઈ ગયો. પ્રસ્તુત પરિસંવાદમાં સર્વશ્રી ચિન્મય રણા, રાજેન્દ્ર રાઠોડ, જગદીશ પટેલ, રાકેશ મહેરા, કલ્પેશ ગોસાઈ, દિનેશ માલીવાડ, પ્રીતેશ પટેલ, જીજ્ઞેશ પ્રજાપતિ, કુ. હેતલ ગઢવી, કુ. વનિતા વસાવા, કુ. અંજના ચૌહાણ, કુ. હીરલ પટેલ, તુષાર મિસ્ત્રી વગેરેએ ભાગ લઈ, દેવવૈદ્ય અશ્વિનૌ, શંકરાચાર્યના સિદ્ધાંતો, શંકરાચાર્યનું પ્રદાન, માયાનું સ્વરૂપ, નામોની ધાતુજનિતતા, શિશુપાલવધમાં પૌરાણિક ઉલ્લેખો, કીચકવધની પ્રાસંગિકતા, કાવ્યપુરુષનુ રૂપક, રીતિવિચાર, વક્રોક્તિ-વિભાવના વગેરે વિષયો પર પોતાના અભ્યાસ લેખો પ્રસ્તુત કર્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં શિક્ષક પ્રશિક્ષક સર્જનાત્મકતા વિકાસ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરમાં ડૉ. હિંમતભાઈ પટેલે શિક્ષકોની ભૂમિકા ચિંતનાત્મક હોવી જોઈએ તેના પર ખાસ ભાર મૂક્યો હતો. ડૉ. સી.એસ. પેટલ સાહેબે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા કેવી રીતે વિકસે તેની વાત કરી હતી. આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન દરેક બી.એડ. કોલેજમાંથી પાંચ-પાંચ પ્રશિક્ષણાર્થીઓએ સર્જનાત્મકતા વિકાસ કાર્યશિબિરમાં ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા તેમજ શ્રી વિપીન પંડ્યા તથા, પ્રા. ઉષા શારડાના માર્ગદર્શન નીચે કાર્યશિબિરમાં ભાગ લીધો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યકેશન કોલેજ તથા ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજ**ના તાલીમાર્થીઓ માટે '૨૧મી સદીના સંદર્ભે શિક્ષક સજ્જતા' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારના અધ્યક્ષ સ્થાને શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલ અને મુખ્ય મહેમાનપદે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના ડૉ. નરેશભાઈ એલ.વેદ ઉપસ્થિત રહ્યાં હતાં.

સેમિનારના મુખ્ય મહેમાન ડૉ. નરેશભાઈ એલ. વેદ સાહેબે ૨૧મી સદીમાં શિક્ષકની પ્રતિબદ્ધતા અને સજ્જતા વિશે રજૂઆત કરી હતી. સાથે સાથે ૨૧મી સદીના જમાનાની મુખ્ય જરૂર આઈ ક્યુની સાથે ઈક્યુ અને એસ ક્યુ પર ભાર મૂકવાની વાત કરી હતી. સેમિનારમાં ડૉ. એ.બી. કગથલા, ડૉ. લીખીયા, ડૉ. દિલીપભાઈ યુ. પટેલ, શ્રી દિવ્યેશભાઈ પટેલે ચેરપર્સન તરીકેની ભૂમિકા નિભાવી પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન તથા લાયન્સ કલબ, આણંદ-અમૂલ**ના સંયુક્ત ઉપક્રમે માનવ અધિકાર અને નાગરિકોની ફરજો એ વિષય અન્વયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય વક્તા તરીકે ડૉ. આંબેડકર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. આમ્રપાલી મરચન્ટ ઉપસ્થિત રહ્યા હતાં. ડૉ. આમ્રપાલી મરચન્ટે વિવિધ માનવ અધિકારોની વિસ્તૃત છણાવટ કરી હતી. ત્યારબાદ એડવૉકેટ મનહરભાઈ ગોહેલે માનવ અધિકારો શું છે તેની છણાવટ કરી હતી. ત્યારબાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાયો હતો. સંચાલન પ્રશિક્ષણાર્થી બિનલબેન પરમાર તથા મંજૂલાબેન મકવાણાએ કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં શૈક્ષણિક પ્રવચનના ભાગરૂપે શૈક્ષણિક સાધન ભારતદર્શન સામાન્ય જ્ઞાન વિષય સંદર્ભે પરિસંવાદ યોજાયો હતો. મુખ્ય વક્તા તરીકે ભારત-દર્શન પબ્લિકેશનના સભ્ય શ્રી મેહુલભાઈ જૈન ઉપસ્થિત રહ્યા હતાં. ત્યાર બાદ, મેહુલભાઈ જૈને શૈ. સંશાધન, ભારત દર્શન અને સામાન્ય જ્ઞાન અંગે રસપ્રદ ચર્ચા કરી જરૂરી માહિતી આપી હતી.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં સતત બીજીવાર એડમેકીંગ કોન્ટેસ્ટ પર એકદીવસીય કાર્ય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાની શરૂઆત શ્રી મધુમેનન, ફેકલ્ટી એન આઈ ડી, અમદાવાદ દ્વારા કરવામાં આવી હતી. તેઓએ વિદ્યાર્થી પ્રેક્ષક ગણને ધ્યાનમાં રાખી વિજ્ઞાપનની રચના કરવી, વિજ્ઞાપનનું ઉપજખર્ચનું અંદાજપત્ર, પ્રી શુટ પ્રીપરેશન, કેમેરા, એડીટીંગ વગેરેનું યોગ્ય સંચાલન અને વ્યવસ્થા કેમ કરવી તેની ચર્ચા કરી માહીતી આપી હતી.

જ્યારે બીજા સત્રનું સંચાલન પ્રા. કમલ જોષી (લુણાવાડા) દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓએ શુટીંગનો ટેકનીકલ દેખાવ, વ્યવસ્થાપન અને ચલચિત્ર નિર્માણ વિશે માહિતી આપી હતી.

કાર્યશિબિરમાં વિવિધ વિદ્યાશાખાઓના ૧૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'મંદીમાં રોકાણ' વિષય પર એકદીવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ શિબિરના

મુખ્ય વક્તા ઈન્ફીનીટ કન્સલટન્ટ, વડોદરાના માલીક શ્રી મૌલીક મહેતા અને ઝવેરી સીક્યુરીટીઝ, વડોદરાના રીસર્ચ અને ટ્રેનિંગ હેડ, શ્રી રાજીવ ખાટલાવાલા હતા. મૌલીક મહેતાએ સત્રની શરૂઆતમાં વિશ્વ વ્યાપક મંદી વિશેના મહત્વના મુદ્દાઓની વિસ્તૃતમાં જાણકારી આપી અને તેમાંથી બચવા માટે કેવા પગલા લેવા જોઈએ તેની જાણકારી આપી હતી.

બીજા સત્રમાં રાજીવ ખાટલાવાલાએ રોકાણની માનસિકતા, બજારનું રુખ, બજારમાં રોકાણ કરવાનો યોગ્ય સમય અને તક વિશે મહત્વના મુદ્દાઓની જાણકારી પૂરી પાડી હતી અને શેરબજાર કેવી રીતે તેજીમાંથી મંદીમાં પટકાયું તે વિશે માહિતી આપી હતી.

➢ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**માં તાજેતરમાં ઈતિહાસ વિભાગ દ્વારા આણંદ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા. પી. કે. રાવલજી સાહેબનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો વિષય હતો 'ઈતિહાસના અભ્યાસનું મહત્ત્વ'.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**ના ટી.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રોડક્શન મેનેજમેન્ટના વિષયમાં જી.એચ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ (એમ.બી.એ. વિભાગ), સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. ડૉ. એચ. જે. જાની સાહેબના વ્યાખ્યાનો તા. ૧૭-૧૨-૦૮ થી ૧૯-૧૨-૦૮ દરમ્યાન રાખવામાં આવ્યા હતા.

શ્રી જાનીએ વિદ્યાર્થીઓને વર્કસ્ટડી, મેથડસ્ટડી અને ટાઈમસ્ટડીનાં મુદ્દાઓ ખૂબજ સરળ ભાષામાં સમજાવ્યા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**ના એફ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે મેનેજમેન્ટના વિષયમાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો. ડૉ. પરેશ વીરપરીયા સાહેબના વ્યાખ્યાનો તા. ૨૯-૧૨-૦૮ થી ૧-૧-૦૯ દરમ્યાન રાખવામાં આવ્યા હતા.

શ્રી વીરપરીયાએ વિદ્યાર્થીઓને ઈન્ફરમેશન ટેક્નોલોજી અને તેનો સંચાલનમાં ઉપયોગ અને મહત્વ ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યો હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક** દ્વારા તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયના પૂર્વ વાઈસ-ચાન્સેલર અને સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા ડૉ. આમ્રપાલી મરચન્ટનું 'વ્યક્તિગત વિકાસમાં શિક્ષણની ભૂમિકા' વિશે વાખ્યાન યોજાયું હતું.

## Research Work

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજ**, મોગરીના વિજ્ઞાન વિષયના અધ્યાપિકા **દિપ્તીબેન એન. ત્રિવેદી**એ સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણ વિભાગના રીડર ડૉ. પલ્લવીબેન પી. પટેલના માર્ગદર્શન હેઠળ 'એ સ્ટડી ઓફ સાયન્ટીફીક ક્રિએટીવીટી ઓફ સેકન્ડરી સ્કૂલ સ્ટુડન્સ્ટસ ઈન રીલેશન ટુ સરટેઈન વેરીએબલ્સ' વિષયમાં પીએચ.ડી. મહાનિબંધ સરદાર પટેલ યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. જેને યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**ના અધ્યાપક **ડૉ. ધીરજ પરમાર**ના 'બી.એડ. કોલેજના તાલીમાર્થીઓનો ગુજરાતી ભાષા સામર્થ્યનો કેટલાક ચલોના સંદર્ભે અભ્યાસ' વિષય પર માયનોર રીસર્ચ પ્રોજેક્ટ યુ.જી.સી. (પૂના) એ મંજૂર કરી રૂા. ૨૫૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવી હતી.

## વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી દ્વારા મંજૂર કરેલ મેજર/માઈનોર સંશોધન યોજનાઓ

| ક્રમ | સંશોધનકર્તાનું નામ | કોલેજ/ડીપાર્ટમેન્ટ | મંજુર થયેલ રકમ |
|---|---|---|---|
| ૧. | ડૉ. એ.ટી. ઓઝા | અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ | રૂા. ૪,૨૯,૩૦૦/- |
| ૨. | ડૉ. એ.વી.આર.એલ. નરસિંહાચાર્ય | બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસ | રૂા. ૮,૪૬,૮૦૦/- |
| ૩. | ડૉ. બી.વાય. ઠાકોર | અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ | રૂા. ૭,૦૭,૮૦૦/- |
| ૪. | ડૉ. ઉર્મિલા એચ. પટેલ | અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ | રૂા. ૯,૨૭,૩૦૦/- |
| ૫. | ડૉ. મંજરી આચાર્ય | અનુસ્નાતક ગૃહવિજ્ઞાન વિભાગ | રૂા. ૬,૪૮,૩૦૦/- |

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, આણંદમાં અભ્યાસરત તાલીમાર્થી ચૌધરી યોગેશ એસ. ને ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થતા હોઈ, રાજ્ય સરકાર દ્વારા સુવર્ણજયંતિના ભાગ રૂપે યુનિવર્સિટી કક્ષાએ નિબંધ લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા થવા બદલ રોકડ પુરસ્કાર રૂા. ૨૦૦૦/- એનાયત કરવામાં આવશે.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, આણંદમાં અભ્યાસરત તાલીમાર્થી **સિસોદિયા મહિરાજવ**ને ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થતા હોઈ રાજ્ય સરકાર દ્વારા સુવર્ણજયંતિના ભાગ રૂપે યુનિવર્સિટી કક્ષાએ પેઈન્ટીંગ સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા થવા બદલ રોકડ પુરસ્કાર રૂા. ૨૦૦૦/- એનાયત કરવામાં આવશે.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં શિકોતરમાતા ચેરીટેબલ ટ્રસ્ટ, આંતરવર્ગીય પરિસંવાદ સ્પર્ધાનું આયોજન તા. ૨૦-૧૨-૦૮ શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય 'આંતકવાદનો આંતક' રાખવામાં આવ્યો હતો.

**આણંદ કોમર્સ કોલેજ**ના અંગ્રેજી સાહિત્યના પ્રધ્યાપક પ્રો. આશુતોષ યાજ્ઞિક અને એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના અંગ્રેજી વિભાગના વડા અને પ્રાધ્યાપિકા શ્રીમતી પારૂલબેન પોપટ નિર્ણાયકો તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

વ્યક્તિગત પારિતોષિકમાં પ્રથમ સ્થાને એસ.વાય.બી.સી.એ.ની વિદ્યાર્થિની કુ. પ્રિયંકા મારીવાલા, દ્વિતીય સ્થાને એસ.વાય.બી.બી.એ. (આઈટીએમ)ના વિદ્યાર્થી રોહિત રવિન્દ્રન અને તૃતીય સ્થાને એફ.વાય.બી.બી.એ. (એફ.ટી.)ની કુ. સ્મિતા પાલ વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં આશ્વાસન ઈનામો આપવામાં આવ્યાં હતાં. પ્રથમ આશ્વાસન ઈનામ એસ.વાય.બી.બી.એ. (આઈ.ટી.એમ.)ની વિદ્યાર્થિની વત્સલ ઠક્કર અને દ્વિતીય આશ્વાસન ઈનામો બે વિદ્યાર્થીઓ, એસ. વાય. બી. સી. એ. ની વિદ્યાર્થિની તાહમીના સૈયદ અને એસ.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થી કશ્યપ નારોલાને આપવામાં આવ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મુશારીખ ખાન દ્વારા કરવામાં આવ્યું હતું.

➢ સરદાર પટેલ યુનિવર્સિટીના **સી.સી. પટેલ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર અને એન.વી. પટેલ સાયન્સ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સ**ના ઉપક્રમે એન.વી. પટેલ સાયન્સ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સમાં તા. ૧૩-૧૨-૦૮ના રોજ આયોજીત એક દિવસીય સેમીનાર અને પોસ્ટર પ્રેઝન્ટેશનના પ્રોગ્રામમાં વિદ્યાનગર-આણંદની પાંચ વિજ્ઞાન કોલેજોમાંથી ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત વિજ્ઞાન કોલેજોમાંથી પોસ્ટર પ્રેઝન્ટેશનમાં અનુક્રમે પ્રથમ ઈનામ નિકિતાબેન પટેલ અને ભાવિતા પટેલ (આઈ.જી.બી.ટી.સેમીસ્ટર-૧), દ્વિતીય ઈનામ ભાવિન કાવા અને કૃપા ભટ્ટ (એફ.વાય.ઈ.સી.) તથા તૃતીય ઈનામ મૌખિક સેમીનારમાં ઉદ્ગીત ભટ્ટ (એફ.વાય. બાયોસાયન્સ)એ મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

➢ **એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** ખાતે ૩૪મી રામાનુજન ગણિત પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ હતી. શાળાઓમાં ધો.૯ અને ધો.૧૦માં ભણતા વિદ્યાર્થીઓ માટે શ્રી હરિઃ ૐ આશ્રમ પ્રેરિત અને ગુજરાત ગણિત મંડળ અને મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સમગ્ર રાજ્યના બધા જીલ્લાઓમાં થઈ કુલ ૨૧ કેન્દ્રો પર આ સ્પર્ધા યોજાઈ હતી.

તે જ પ્રમાણે તાજેતરમાં ધો. ૧૧, ૧૨ના તેમજ વિશેષ યોગ્યતા ધરાવતા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રાદેશિક ગણિત સ્પર્ધા - મેથેમેટિક્સ ઓલમ્પિયાડ-૨૦૦૮નું આયોજન થયું હતું. સેન્ટર કોઓર્ડીનેટર તરીકે ડૉ. ભરતકુમાર એન. પંડ્યાએ સંચાલન કર્યું.

➢ આણંદ જિલ્લાની **ગુજકોસ્ટ સાયન્સ ક્વીઝ** વિદ્યાનગરમાં યોજાઈ. વલ્લભ વિદ્યાનગર સરદાર પટેલ યુનિવર્સિટી હેઠળના **સી. સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર**માં આણંદ જિલ્લાની શાળાઓ માટે ગુજકોસ્ટ સાયન્સ ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું. પ્રાથમિક કસોટીની લેખિત સ્પર્ધામાં માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ચાર-ચાર ટીમો લગોલગ આવી હતી, ત્યારબાદ મૌખિક ક્વીઝના પાંચ રાઉન્ડમાં વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાએ માધ્યમિક વિભાગમાં શ્રી દક્ષિણામૂર્તિ હાઈસ્કૂલ, વિદ્યાનગરના માર્ગીશ બાબરીયા અને નદીમ પઠાણની ટીમ પ્રથમ આવી, જ્યારે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર, બાકરોલના વિદ્યાર્થીઓ વિવેક એસ. પટેલ અને જીત જે. શાહની ટીમ પ્રથમ આવી હતી. આ કાર્યક્રમમાં ક્વીઝ સંચાલક નિષ્ણાત તરીકે પેટલાદની વિજ્ઞાન કોલેજના ડૉ. કલ્પેશ અંજારીયા ઉપરાંત અત્રેના ફીઝીક્સ વિભાગના પ્રો. કે. એન. જોષીપુરા, ડૉ.સુનીલ ચાકી અને ડૉ. નિસર્ગ ભટ્ટ તથા અરીબાસ, ન્યૂ વિદ્યાનગરના અધ્યાપક ડૉ. રાજીવ વૈદ્યની સાથે શ્રીમતી દર્શનાબેન પંડ્યાએ સેવા આપી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલી ટીમો હવે રાજ્યકક્ષાએ ગુજકોસ્ટ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવનાર સાયન્સ ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેશે.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ** અને **આણંદ ફાર્મસી કોલેજ**ના સંયુક્ત ઉપક્રમે નેશનલ ફાર્મસી વીકની ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત ખુશ્બુબેને સ્લાઈડ પ્રેઝન્ટેશન દ્વારા જુદી જુદી બીમારીઓમાં વપરાતી દવાઓ કેવી રીતે લેવી અને દરેક વ્યક્તિએ કેવી જાગૃતિ રાખવી જોઈએ તે જણાવ્યું હતું. દવાની અસરકારકતા વધારવા શું કરવું જોઈએ તેમજ તેની આડ અસર કેવી થાય છે તેની ચર્ચા કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં સ્વામી ધર્મબંધુજીનું વ્યાખ્યાન યોજાઇ ગયું. સ્વામી ધર્મબંધુજીએ Life Management, Time Management અને Value Management પર ભાર આપતું વક્તવ્ય આપ્યું હતું.

➢ તા. ૬ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ **બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય** (BJVM)ના NSS એકમ દ્વારા 'યુવાનોના પ્રેરણા સ્રોત - સ્વામી વિવેકાનંદ' વિષય પર અનુ. ગુજરાતી વિભાગના ડૉ. પરમ પાઠકનું વક્તવ્ય યોજાયું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં સામાજિક વિજ્ઞાન મંડળના ઉપક્રમે મંજુલાબેન આઇ. વોરાએ ગ્લોબલવોર્મિંગ અને તેને અટકાવવાના ઉપાયો વિશે ઓવરહેડ પ્રોજેક્ટર અને એલ.સી.ડી. પ્રોજેક્ટરની મદદથી જાણકારી આપી હતી.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજ**ના સ્ટડી સેન્ટરના ઉપક્રમે તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગના પ્રોફેસર (નિવૃત્ત) ડૉ. કાન્તિલાલ રા. દવેનું 'મેનકા વિશ્વામિત્રઃ એક ક્રાંતિકારી નાટક' વિષયક વ્યાખ્યાન યોજાઇ ગયું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજનાના વિભાગ દ્વારા કાર્યકારી આચાર્ય ડૉ. ડી.યુ. પટેલના માર્ગદર્શન હેઠળ 'ધી આર્ટ ઓફ લવીંગ એન્ડ કેરીંગ' વિષય પર આઇ. બી. પટેલ બી.એડ્. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. નુસરતબેન કાદરીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેમાં વ્યક્તિએ વિશેષ ગુણો વિકસાવવાના છે તેની વ્યાવહારીક ઉદાહરણ તથા વાર્તા દ્વારા સમજ આપવામાં આવી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ કોમર્સ કોલેજ** અને **એફ. એચ. શાહ ઇન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફરમેશન ટેકનોલોજી**ના પ્રથમ વર્ષ બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે XLRI ની બેંગ્લોર શાખાના કુ. મુક્તિ પટેલે આર્ટ ઑફ લીડરશીપ વિષય પર તેમનું નિષ્ણાત વક્તવ્ય આપ્યું હતું. તેમાં નેતાગીરીના પ્રકારો, નેતાની ગુણવત્તા અને સફળ નેતાગીરીના લાભો વિદ્યાર્થીઓને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને બીઝનેસ રમતો દ્વારા આપી વિદ્યાર્થીઓને આવા લીડર બની સમાજની સેવા કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ની કબડ્ડી (બહેનો)ની ટીમ, સરદાર પટેલ યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ કબડ્ડીની સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવી યુનિવર્સિટી ચેમ્પીયન બની છે.

આ સ્પર્ધા સરદાર પટેલ યુનિવર્સિટી મેદાન ખાતે તા. ૧૭-૧૨-૦૮થી ૧૯-૧૨-૦૮ દરમ્યાન યોજાઈ હતી. જેમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સી.પી. પટેલ કોલેજે નોકઆઉટ પદ્ધતિમાં વી.પી. સાયન્સ કોલેજને હરાવી લીગમાં પ્રવેશ કર્યો હતો. લીગની ચાર કોલેજની ટીમોમાં એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, હોમ સાયન્સ કોલેજ અને સેમકોમ કોલેજની ટીમને હરાવી ચેમ્પીયનશીપ મેળવી હતી.

આ ચેમ્પીયન કબડ્ડી ટીમનું નેતૃત્વ ટી.વાય.બી.સી.એ.ની ભટ્ટ કેશાએ કર્યું હતું. અન્ય ખેલાડીઓમાં પઠાણ ફરજાના, પટેલ નિશીતા, પરમાર જલ્પા, પટેલ વિપુલા, પટેલ લોપા, પટેલ મોહીની, ભટ્ટ હીના, કુરુપ રાજી અને પઢિયાર હરસિદ્ધિએ ફાળો આપ્યો હતો.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના ૧૨મા વાર્ષિક રમતોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ દિવસના આગલા દિવસે ક્રોસ કન્ટ્રી રેસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૬ વાગ્યે લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કોલેજ પાસેથી રેસ શરૂ કરી ભાઈકાકા સ્ટેચ્યુ-ટાઉનહોલ થઈને કોલેજ પરત ફર્યા હતા.

૧૨મો વાર્ષિક રમતોત્સવ એડીઆઇટી, ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે સવારે ૯-૦૦ વાગ્યે વલ્લભ વિદ્યાનગરના એનસીસી ગૃપ કમાન્ડર કર્નલ ઉદયસિંહ ચૌહાણ દ્વારા ખુલ્લો મુકાયો હતો.

આ રમતોત્સવમાં બરછી ફેંક, ગોળા ફેંક, લાંબી કૂદ, ઊંચી કૂદ, ૧૦૦ મીટર, ૪૦૦ મીટર, ૮૦૦ મીટર દોડ તેમજ ફન ગેમ્સમાં દોરડાખેંચ, કોથળા દોડ, થ્રી લેગ્સ દોડ, ઇંટ રેસ વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું પરિણામ આ પ્રમાણે છે.

**બહેનો :**

૧૦૦મીટર દોડ - મનાલી પટેલ (એસવાયબીબીએ-આઇટીએમ)
૪૦૦ મીટર દોડ- નિધી ઝા (ટીવાય બીકોમ-એ)
ગોળા ફેંક - ઇશીતા રાવલ (ટીવાય બીબીએ)
બરછી ફેંક - સુનિતા ચૌધરી (ટીવાય બીકોમ-એ)
ચક્ર ફેંક - માનસી ગોસાઇ (એસવાય બીકોમ-બી)
ઊંચી કૂદ - નિધી ઝા (ટીવાય બીકોમ-એ)
લાંબી કૂદ - નિધી ઝા (ટીવાય બીકોમ-એ)

**ભાઇઓ :**

૧૦૦મીટર દોડ -અંકુર પટેલ (એસવાય બીબીએ-આઇટીએમ)
૪૦૦ મીટર દોડ- મૌલીક ગજેરા (ટીવાય બીકોમ-બી)
૮૦૦ મીટર દોડ- આલાપ વ્યાસ (ટીવાય બીબીએ-આઇટીએમ)
ગોળા ફેંક - રોહીત પટેલ (એસવાય બીકોમ-બી)
બરછી ફેંક - અભિષેક શર્મા (એમઇબી-સેમેસ્ટર ૩)
ઊંચી કૂદ - જય પટેલ (એફવાય બીસીએ)
લાંબી કૂદ - રીતેષ પીંડોરીયા
ચક્ર ફેંક - સેતુ શાહ (એસવાય બીસીએ)

જ્યારે બેસ્ટ સ્પોર્ટ્સ પરસનનો ઍવૉર્ડ મૌલિક ગજેરા (ટીવાય બીકોમ) અને નિધી ઝા (ટીવાય બીકોમ-એ)ના ફાળે ગયુ હતુ. જ્યારે બેસ્ટ કલાસ ટીમ વર્ક ઍવૉર્ડ ટીવાય બીકોમ-બીના ફાળે ગયો હતો. બેસ્ટ કલાસ ઈનિસીએટીવ ઍવૉર્ડ ફોર્થ ચર બીબીએ-આઈટીએમના ફાળે ગયો હતો જે આ વર્ષે નવા ઍવૉર્ડ તરીકે શરૂ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. નિખિલ ઝવેરીએ વિદ્યાર્થીઓ ટીમમાં કામ કરવાની સાથે ટીમવર્કનું મહત્વ સમજે તે માટે બેસ્ટ ટીમવર્ક ઍવૉર્ડની જાહેરાત કરી હતી અને આ ઍવૉર્ડ ટીવાય બીબીએના ફાળે ગયો હતો.

➤ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ આર્ટ્સ કોલેજ**, બોરીઆવીમાં મંડળના માનદ્ મંત્રીશ્રી રાજેશભાઇ પટેલની અધ્યક્ષતામાં તા. ૩ જાન્યુઆરીને શનિવારના રોજ વાર્ષિક રમતોત્સવ આયોજીત થયો હતો. ખો-ખો, કબડ્ડી, વૉલીબોલ, દોડ, ગોળા ફેંક, લાંબીકૂદ જેવી રમતોમાં ૧૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

➤ **ગુજરાતી સાહિત્ય પરિષદનું રજત જયંતિ જ્ઞાનસત્ર** શ્રી નારાયણભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ૨૬થી ૨૮ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ કીમ મુકામે યોજાયું હતું. તેમાં કવિઓ, સાહિત્યપ્રેમીઓ અને વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ જ્ઞાનસત્રમાં સાહિત્ય પરિષદનો ૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, ૨૦૦૬-૦૭માં ગુજરાતી સાહિત્યમાં રચાયેલ પુસ્તકોમાંથી ઉત્તમ પુસ્તકોને પારિતોષિક એનાયત થયો હતો. તેમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ **ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટને 'અક્ષરનાં અજવાળા' પુસ્તક માટે બે પારિતોષિક** અને સંસ્કૃત વિભાગના **અજિત ઠાકોરને 'કવિસમય' માટે એક પારિતોષિક** પ્રાપ્ત થયા હતા. તેમજ ૨૦૦૬-૦૭માં રચાયેલ કવિતા, નવલકથા, નાટક-ટૂંકીવાર્તા, વિવેચન, સંશોધન, સંપાદન અને બાળ સાહિત્યનું સરવૈયું રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ ર.વ. દેસાઈના સાહિત્ય વિશે અને હાલનાં સાહિત્ય વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**- ઠક્કર જીજ્ઞેશકુમાર**
એમ. એ. (પ્રિવિયસ)
અનુસ્નાતક ગુજરાતી વિભાગ

➤ શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમના ભાગ રૂપે તાજેતરમાં એક દિવસીય ઔદ્યોગિક પ્રવાસ સંપન્ન થયો.

ઈફકો, કલોલ સ્થિત ઔદ્યોગિક એકમમાં બી.બી.એના વિદ્યાર્થીઓએ ઉત્પાદન વિભાગ, એચ.આર. વિભાગ, ખરીદ વિભાગ, નાણા વિભાગ અને પેકીંગ વિભાગની મુલાકાત લઇને એકમના મેનેજર શ્રી આર.એ. અમાવની તેમજ એચ. આર. મેનેજર શ્રી એ. કે. શર્મા અને શ્રી ખત્રીના નેતૃત્વ હેઠળ પાંચ સમુહોમાં વહેંચાઇને ઔદ્યોગિક પાસાઓ સંચાલકીય પાસાઓ અને ઉત્પાદન પ્રક્રિયાની રસભરી પ્રશ્નોત્તરી કરી હતી.

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના પ્રથમ વર્ષ બી.બી.એના વિદ્યાર્થીઓએ વડોદરા - જંબુસર રોડ પર આવેલ સ્ટર્લીંગ બાયોટેક લિ.ની અભ્યાસ અર્થે તા. ૩-૧-૦૯ના રોજ મુલાકાત લીધી હતી. તેના બંને પ્લાન્ટ્સની વિઝિટ લઇ વિદ્યાર્થીઓએ સંચાલનના મુખ્ય પાસાઓ જેવા કે જનરલ મેનેજમેન્ટ, માર્કેટીંગ, પ્રોડક્શન, ફાઇનાન્સના વિગેરેના વિવિધ પાસાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી જરૂરી માહિતી મેળવી હતી અને સંચાલકીય કૌશલ્યો કેળવ્યા હતા. આ અગાઉ કેમેરોક ઇન્ડસ્ટ્રીઝ લિ. અને વિજયજ્યોત પ્રા. લિ., હાલોલ મુકામે પણ આવી મુલાકાત લીધી હતી.

➤ બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**ના બી.બી.એના વિદ્યાર્થીઓ શ્રી વિશાલ પટેલ અને શ્રી ઉર્વિલ પટેલે એજ્યુકેશન પ્રેરિત આંતર કોલેજ સેમીનારમાં ભાગ લીધો હતો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક** દ્વારા તાજેતરમાં વડતાલ મુકામે માનદ્ નિયામક પ્રો. એસ. આર. અગ્રવાલના સફળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વાર્ષિક દશ દિવસીય શિબિરનું આયોજન કરાયું.

આ શિબિર અંતર્ગત બીજા વર્ષમાં અભ્યાસ કરતા બી.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓએ ગ્રામ વિકાસલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે ગામ-સફાઈ, સ્વચ્છતા અને આરોગ્ય, મહિલાઓના પ્રશ્નો, નિરક્ષરતા, વ્યસનો, એઇડ્સ વિગેરે રોગો પર પોસ્ટર પ્રદર્શન; વિવિધ વિસ્તારોમાં શેરીનાટકો તથા જાગૃતિ વ્યાખ્યાનો, મફત સર્વરોગ નિદાન કેમ્પ, ડાયાબિટીસ નિદાન કેમ્પ, ચશ્માં શિબિર તેમજ સ્વચ્છતા, આરોગ્ય અને સાક્ષરતા વિષય પર જાગૃતિ રેલીનું આયોજન કરાયું.

આ ઉપરાંત કાર્યક્ષેત્રલક્ષી વિવિધ વ્યાખ્યાનો જેવા કે પર્યાવરણીય પ્રશ્નો (ધવલભાઇ પટેલ), સખીમંડળ અને ગ્રામ વિકાસ (આર. એમ. શાહ, જિગીશાબેન ઝાલા), કાર્યક્ષેત્ર નિપુણતા (શ્રી પ્રણવ સોલંકી), કિડનીના રોગો, સફળ નેતૃત્વ પણ યોજાયા.

➤ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદના એન.એસ.એસ. વિભાગની વાર્ષિક શિબિર તા. ૧૪-૧૧-૨૦૦૮થી તા. ૨૩-૧૧-૨૦૦૮ દરમિયાન વડોદ, તા. જિ. આણંદ મુકામે યોજવામાં આવી હતી. ગ્રામજનોના વિકાસ અને જાગૃતિ માટે દશ દિવસીય શિબિરમાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં પ્રભાત ફેરી, યોગ-કસરત, શ્રમ સફાઈ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત બૌદ્ધિક

કાર્યક્રમો અને વિવિધ આરોગ્ય કેમ્પ યોજ્યા હતાં. આ કેમ્પમાં સ્ત્રી રોગ નિષ્ણાત, ચામડીના રોગોના નિષ્ણાત અને આંખના રોગોના નિષ્ણાત ડોક્ટરોએ સેવા આપી હતી.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જશભાઇ મોતીભાઇ પટેલ આર્ટ્સ કોલેજ,** આણંદના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે વહેરાખાડી ખાતેનાં દશ દિવસીય વાર્ષિક શિબિર યોજાયો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં તૃતીય પૂર્વ તાલીમાર્થી સંઘ શૈક્ષણિક અધિવેશન અને સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાઇ ગયો.

પૂર્વ તાલીમાર્થી સંઘના ઉપપ્રમુખ ડૉ. પી. સી. અમીને સંસ્થાની વાર્ષિક કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. રમેશભાઇ કોઠારીએ શૈક્ષણિક સિદ્ધિને અસર કરતા પરિબળો પર મનનીય વક્તવ્ય આપ્યું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**માં તાજેતરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળનું સંમેલન યોજાયું હતું. લગભગ ૭૫ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આ સંમેલનમાં હાજરી આપી હતી. ત્યારબાદ તેઓએ આવતા વર્ષ માટેના ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના જુદા જુદા હોદ્દાઓ માટે હોદ્દેદારોની વરણી કર હતી.

➢ સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત **એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** અને ચારુતર વિદ્યામંડળ સંચાલિત **શ્રી ભીખાભાઇ સાહેબ પી.ટી.સી. કોલેજ**માં અનુક્રમે માધ્યમિક અને પ્રાથમિક શિક્ષક બનવાની તાલીમ આપવામાં આવે છે.

આ બંને સંસ્થાઓએ હમણાં સાથે મળીને સારા કામનું એક ઉદાહરણ પુરું પાડ્યું છે. ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના આશ્રયે બી.એડ્. તથા પી.ટી.સી.ના તાલીમાર્થીઓ માટે માનસિક ક્ષમતા કસોટીનું આયોજન કરે છે. જેનું સંચાલન વિદ્યાનગર કેન્દ્રમાં ડૉ. ભરતભાઇ એન. પંડ્યા (એમ.બી.પી.સી.ઇ.)એ કર્યું. તેમાં પી.ટી.સી.ના વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું કાર્ય આચાર્યા ડૉ. દમયંતી મેડમ તથા સુશ્રી ફાલ્ગુનીબેન અને સંગીતાબેને કર્યું. વિદ્યાર્થીઓએ સારી એવી સંખ્યામાં પોતાની જાતે તથા માર્ગદર્શક પુસ્તકના આધારે તૈયારી કરી પરીક્ષામાં બેઠા.

તો વળી, વળતા દિવસે એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના મધ્યસ્થ ખંડમાં બંને કોલેજના પ્રાધ્યાપકો ડૉ. ભરતકુમાર એન. પંડ્યાએ વાયોલીન વાદન અને શ્રી રાહુલ સોલંકીએ તબલાની સંગત કરી રંગત જમાવી દીધી. પ્રસંગ હતો ''ઈન્ટ્રોડક્શન ટુ વાયોલીન'' - વાયોલીન વાદ્ય પરિચય. આ કાર્યક્રમમાં ડૉ. ભરતભાઇએ વાયોલીનના ઇતિહાસ તથા રચનાનો ટૂંકમાં ખ્યાલ આપ્યો અને શ્રી રાહુલભાઇએ તબલાની ઉત્પત્તિ તથા તેના અંગો વિશે ટૂંકી રજૂઆત કરી. ત્યારબાદ ક્રમશઃ ભૈરવી, દમનકલ્યાણ, શીવરંજની, ભૂપાલી ઇત્યાદતી રાગમાં વાયોલીન વાદન વિશેની ખૂબીઓ અને સૂર અંગેની જાણકારી, બોઇંગ (ગજચાલન પદ્ધતિ) ભારતીય પાશ્ચાત્ય વાદનનો તફાવત અને તબલામાં લયકારી વગેરે સાંભળતા સમગ્ર શ્રોતાગણ ખૂબ જ આનંદી ઉઠ્યા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા વિશ્વ એઇડ્ઝ દિનના દિવસે ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૩ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું. લાયન્સ ક્લબ, અમુલના પદાધિકારીઓએ રક્તદાતાઓને સ્મૃતિચિન્હ અર્પણ કર્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં 'વિશ્વ એઇડ્ઝ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ એઇડ્ઝ દિન નિમિત્તે આણંદ એજ્યુકેશન કોલેજમાં ચર્ચા પાઠમાં એઇડ્ઝ વિષય પર આણંદ હાઇસ્કૂલના ધો.૧૧ના વિદ્યાર્થીઓ સમક્ષ સ્નેહાબેન સુથારે પાઠ આપી, એઇડ્ઝ અંગેના ચિત્રો રજૂ કરી પ્રેઝન્ટેશન કર્યું હતું. ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. એઇડ્ઝ અંગેનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન**માં તા. ૨૬-૧૨-૨૦૦૮ના રોજ મુંબઇ આંતકવાદી હુમલામાં શહીદ થયેલાઓને પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કોલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓએ મીણબત્તી પ્રગટાવી શહીદોની યાદમાં મૌન પાળી તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં તા. ૨૨-૧૨-૦૮, સોમવારના દિવસે એન્ટી ટેરેરીસ્ટ ડે નું આયોજન થયું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૨૪-૧૨-૦૮ના રોજ ઇશુ જન્મોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સાલ્વેશન આર્મી હાઇસ્કૂલના આચાર્યશ્રી અનિલભાઇ જે. ક્રિશ્ચિયન ઉપસ્થિત હતા.

➢ આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજના સંસ્કૃત સ્નાતક-સ્નાતકોત્તર વિભાગ**ના ઉપક્રમે તાજેતરમાં ગીતાજયંતિનો કાર્યક્રમ યોજાઇ ગયો. વિદ્યાર્થી શ્રી ચિન્મય રાણા દ્વારા વૈદિક મંત્રોચ્ચાર અને દીપ પ્રાગટ્યથી આરંભાયેલ આ કાર્યક્રમમાં ગીતાના શ્લોક-ગાન બાદ સર્વશ્રી ચિન્મય રાણા, કુ. હેતલ ગઢવી, પ્રીતેશ પટેલ, વિજય પરમાર, અજિત પઢિયાર, લલિત કટારા, અશ્વિન પરમાર, નટવર પારગી, જિજ્ઞેશ પ્રજાપતિ, નીલમ પારેખ, અલ્પેશ મકવાણા વગેરે વિદ્યાર્થીઓએ ગીતાનો પ્રધાન ઉપદેશ, ભગવદ્ ભક્તનાં લક્ષણો, ગીતામાં મોક્ષવિચારણા, અવતારવાદ, આધુનિક

યુગમાં ગીતાની ઉપયોગિતા, આદર્શ સાધક વગેરે ગીતા વિષયક અભ્યાસલેખો પ્રસ્તુત કર્યા હતા. શ્રી પ્રીતેશ પટેલ અને કુ. હેતલ ગઢવીદ્વારા પ્રસ્તુત કૃષ્ણ-અર્જુન સંવાદની નાટ્યાત્મક રજૂઆત આ કાર્યક્રમની વિશેષતા હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી નીલેશ જે. પટેલે અને આભારદર્શન કુ. હેતલ ગઢવીએ કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં પાંડુરંગ-આઠવલે શાસ્ત્રીજી પ્રેરિત સ્વાધ્યાય પરિવાર દ્વારા ગીતા-પૂજનનો કાર્યક્રમ તા. ૨૯-૧૨-૦૮ને સોમવારના રોજ યોજવામાં આવ્યો. જેમાં વિષય હતો ''લઇ ગીતાનો આધાર, સમયને આપીશું આકાર''.

➢ શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**ના આચાર્યશ્રી, અધ્યાપકગણ તથા તાલીમાર્થીઓએ તા. ૧-૧૨-૨૦૦૮ના રોજ વિદ્યાનગર મુકામે ગાયત્રી પરિવાર દ્વારા યોજાયેલા પુસ્તક મેળો અને પુસ્તક પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ના અધ્યાપકો અને ઓફીસ સ્ટાફ માટે 'ધી સીલ્વા મેથડ'ના શ્રી જયેશ પટેલનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. સીલ્વા મેથડ એ એક માઇન્ડ કન્ટ્રોલની પદ્ધતિ છે.

➢ **Birla Vishwakarma Mahavidayala** – The Oldest Engineering College in Gujarat, had organised a Workshop with the theme- "The Expectations of the Industries from the Fresh Engineers and the Impact of Global Recession on Campus Recruitment". H.R. personnel of some of the largest Industrial behemoths like L&T and TCS delivered enlightening speeches.

To make the Engineering Stream as one of the comfort zones in this competitive era, BVM Placement Cell 2009 had arranged various activities: Personality Development Program for the Third Level was arranged in this Diwali Vacation and the End-Semester Vacation. More than 500 students had participated in this overwhelmingly successful Workshop. Especially, the Second-Level and First-Level Students had shown a remarkable presence ! BVM Competitive-Examination Cell (a wing of BVM Placement Cell 2009) arranged BVM STAR-RECOGNITION FUNCTION and felicitated those students who had scored above 98 percentile in GATE examinations.

## વિવિધ અનુદાન પ્રાપ્ત થયાં...

➢ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ **અનુસ્નાતક હોમસાયન્સ વિભાગ**ને સંશોધનના વિકાસ માટે વિભાગમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે ૧૦,૦૦,૦૦૦ રૂપિયાનું અનુદાન વર્ષ ૨૦૦૮-૦૯ માટે ફાળવ્યું છે.

➢ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ આપણી યુનિવર્સિટીમાં **સેન્ટર ફોર ઇન્ડિયન ડાયસ્પોરા (એરીયા સ્ટડી પ્રોગ્રામ)** માટે ૭,૦૦,૦૦૦ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું છે.

➢ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ **વુમન સ્ટડીઝ સેન્ટર (અનુસ્નાતક હોમસાયન્સ વિભાગ)**ને અગિયારમા પ્લાન હેઠળ પ્રથમ હપ્તાની કુલ ગ્રાન્ટ રૂા.૧૫,૦૦,૦૦૦ (રૂા. ૧૦,૦૦,૦૦૦ રીકરીંગ + રૂા. ૫,૦૦,૦૦૦ નોન રીકરીંગ) વર્ષ ૨૦૦૭-૦૮ માટે ફાળવી છે.

➢ ભારત સરકારની મિનીસ્ટ્રી ઑફ કલ્ચર, ન્યુ દિલ્હીએ **યુનિવર્સિટી મ્યુઝીયમ** માટે 'પ્રમોશન એન્ડ સ્ટ્રેન્થનીંગ ઑફ રીજીયોનલ એન્ડ લોકલ મ્યુઝીયમ'ની યોજના અંતર્ગત નોન-રીકરીંગ ગ્રાન્ટ પેટે ૨૦,૨૪,૦૦૦ રૂપિયા મંજૂર કર્યા છે.

## ચેર પર્સનની નિમણૂંક

➢ સરદાર પટેલ યુનિવર્સિટી અંતર્ગત પ્રસ્થાપિત **સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)**ના ચેરપર્સન તરીકે અનુસ્નાતક બાયોસાયન્સ વિભાગના **પ્રો. કે.સી. પટેલ**ની નિમણૂંક તા.૧-૧૨-૨૦૦૮થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

➢ **શ્રી અરવિન્દ ચેર ઑફ ઇન્ટીગ્રલ સ્ટડીઝ**ના ચેરપર્સન તરીકે શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના **ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ**ની નિમણૂંક તા. ૧-૧૨-૨૦૦૮થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. શુભેચ્છાઓ...

**વયોચિત નિવૃત્તિ : ૧૪ જૂન ૨૦૦૯ ઑફિસ સમય બાદ...**

(૧) પ્રો. ડૉ. અરબિન્દા કે. રે., અનુસ્નાતક રસાયણ વિભાગ

(૨) પ્રો. ડૉ. જયન્તિલાલ એસ. પરમાર, અનુસ્નાતક રસાયણ વિભાગ.

## વિવિધ નિમણૂંક

➢ **અર્થશાસ્ત્ર અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૯ સુધી અર્થશાસ્ત્ર વિભાગ, સ. પ. યુનિ.ના વડા **ડૉ. એચ. પી. ત્રિવેદી**ની નિમણૂંક કરવામાં આવી છે.

➢ **લાયબ્રેરી કમિટીમાં લેંગ્વેજ વિભાગમાં સભ્ય** તરીકે અનુસ્નાતક અંગ્રેજી વિભાગના વડા **ડૉ. જે. એચ. ખાન** અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના વડા **ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ**ની નિમણૂંક ૩૧ માર્ચ ૨૦૦૯ સુધી કરવામાં આવી છે.

➢ **ફાર્માસ્યુટીકલ સાયન્સ વિદ્યાશાખાના અધ્યક્ષ** તરીકે એ. આર. કોલેજ ઑફ ફાર્મસીના આચાર્ય **ડૉ. એ. કે. સલૂજા**ની નિમણૂંક તા. ૧ જાન્યુઆરી ૨૦૦૯થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

➢ **કોમ્પ્યુટર એન્જિનિયરીંગની અભ્યાસ સમિતિના અધ્યક્ષ** તરીકે **ડૉ. પ્રશાંત બી. સ્વદાસ**ની ૧૮ જુલાઇ ૨૦૧૧ સુધી નિમણૂંક કરવામાં આવી છે.

સૌને અભિનંદન...

# માર્ચ-એપ્રિલ ૨૦૦૮ યુનિવર્સિટી પરીક્ષાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને વિવિધ પારિતોષિકો જાહેર કરાયાં

| ક્રમ | પારિતોષિક | વિદ્યાર્થીનું નામ | કોલેજ / ડીપાર્ટમેન્ટ |
|---|---|---|---|
| ૧. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (જૂનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(એફ.વાય.બી.એ.)** | ૧. રઘુવીરસિંહ દિલિપસિંહ રાજ | એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૨. નિલમબહેન ગુણવંતભાઈ પારેખ | શ્રી જે.એમ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૩. વૃન્દાબેન ગુણવંતભાઈ બ્રહ્મભટ્ટ | શ્રી જે.એમ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૪. હર્ષદકુમાર પ્રતાપસિંહ પરમાર | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૫. લલિતાબેન અમરસિંગ બારીયા | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| ૨. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (જૂનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(એસ.વાય.બી.એ.)** | ૧. અર્પિતાબેન અરવિંદભાઈ વાઘેલા | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૨. ગોરાંગકુમાર વાડીલાલ ભોઈ | નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૩. અજીતકુમાર અમરસિંહ પઢીયાર | શ્રી જે.એમ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૪. ભરતભાઈ મોતીભાઈ રાઠવા | શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૫. વિનય ઈશ્વરભાઈ પરમાર | નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| ૩. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (જૂનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(ટી.વાય.બી.એ.)** | ૧. જયેશકુમાર રણછોડભાઈ પટેલ | શ્રી ભીખાભાઈ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૨. ઉમેદભાઈ ગોરધનસિંહ બકાલિયા | નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૩. અશ્વિનકુમાર જશંવતભાઈ રાઠવા | નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| | | ૪. વિનોદભાઈ રામસિંહભાઈ પરમાર | આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ |
| | | ૫. પ્રવિણકુમાર વાલજીભાઈ ચૌહાણ | નલિની અરવિન્દ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| ૪. | ''સ્વ. જયંતિલાલ હીરજીભાઇ ભટ્ટ તથા શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (જૂનાગઢવાળા) સંસ્કૃત પારિતોષિક'' **(એમ.એ.ફાઈનલ)** | ૧. જગમાલ વૈજાનન્દ વેઝઆનંદ રગિંચા | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| | | ૨. પંકજભાઈ રમેશભાઈ રાઠવા | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| | | ૩. ભાવનાબેન ડાહ્યાભાઈ રાઠોડ | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| | | ૪. રવિન્દ્રકુમાર મંગલભાઈ પટેલ | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| | | ૫. મનહરસિંહ ચંદ્રસિંહ રાઠવા | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| ૫. | ''પ્રો. ભક્તિનાથ ગિરીન્દ્રનાથ શુકલ પારિતોષિક'' **(એમ.એ.સંસ્કૃત)** | ૧. જગમલ વેઝાઆનંદ કરંગિયા | અનુસ્નાતક સંસ્કૃત વિભાગ |
| ૬. | ''શ્રી દેવજીભાઈ કાનજીભાઈ રેણુકા સ્મૃતિ પારિતોષિક'' **(બી.એ.ગુજરાતી)** | ૧. રેખાબેન રામસિંહભાઈ બામણીયા | એન.એસ. પટેલ આર્ટ્સ, કોલેજ, આણંદ |
| ૭. | ''સ્વ. હરિભાઈ જી. દેસાઈ મેમોરીયલ એજ્યુકેશન ટ્રસ્ટ પારિતોષિક'' **(એમ.એડ.)** | ૧. હીરેન પ્રવીણભાઈ ચૂડાસમા | શિક્ષણશાસ્ત્ર વિભાગ |

| | | | |
|---|---|---|---|
| ૮. | ‘‘પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર’’ **(બી.એસસી.-ફાઈનલ )** | ૧. તેજસ સુરેશકુમાર જાની | વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ |
| | | ૨. દિપ્સી રતીલાલ પટેલ | એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સ |
| | | ૩. દીશાબેન નિખીલકુમાર પંડ્યા | એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ |
| | | ૪. જીનલબેન વિજયકુમાર શાહ | એ.એમ. કોલેજ ઓફ સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી, આણંદ |
| | | ૫. ચારૂ અજીત દવે | પી.એમ. પટેલ કોલેજ ઓફ પેરામેડીકલ સાયન્સ, આણંદ |
| ૯. | ‘‘પ્રો. જે.એ. ઈનામદાર પુરસ્કાર’’ **(એમ.એસસી. બાયોસાયન્સીસ)** | ૧. વ્યોમેશ શૈલેષ પટેલ | બાયોકેમેસ્ટ્રી |
| | | ૨. મેહુલ નાનજીભાઈ પટેલ | બોટની |
| | | ૩. દુર્ગેશ દિપક સાવન્ત | માઈક્રોબાયોલોજી |
| | | ૪. ગ્રેસી જયંતીભાઈ પટેલ | ઝુલોજી |
| | | ૫. કિમીષા કનુભાઈ ગાંધી | બાયોટેક્નોલોજી |
| ૧૦. | ‘‘શ્રીમતી ઈલા ગોન્સાલ્વિસ પારિતોષિક’’ **(એમ.એસસી. બાયોસાયન્સીસ)** | ૧. કિમીષા કનુભાઈ ગાંધી | બાયોસાયન્સીસ વિભાગ |

---

**continued from page no. 12**

economic development to maximum subjective well being. This trend augurs well for leading the man to the ideal of human health by seeking balanced inner and outer states of being. This possibly may indeed be the hidden plan of the Conscious Power that charts the map of human evolution.

The health of an individual is the result of equilibrium between his milieu interior and milieu exterior. The milieu exterior can be controlled by medications, hygiene, and environment and their role in achieving health is undeniable. The milieu interior of a human being is made up of true and false subjectivism–refined and unrefined desires, passions, greed and obscurity, and in many cases forms the hidden source of outward diseases. It needs to be transformed by a progressive harmonization of our life around our central existence, called the psychic being, which is a spark of the Divine in every human being. The psychic being within us is the source of Delight, Peace and Happiness. It is very quiet and non-imposing in nature and usually gets buried in the hustle and bustle of our daily life.

A willed, sustained and conscious orientation helps in gradual emergence of the psychic being as the chief counsel of our personality which subsequently changes our perspective of life. It leads to true subjective fulfillment. It is commonly perceived that the subjective well being implies a non real and vague entity; but as a matter of fact the true subjectivity implies an inner realization which has not yet been exteriorized. A sustained psychic influence has transforming effect on the outer being and its operations thereby improving the objective fulfillments as well.

A growing state of harmony between one's milieu exterior and milieu interior in the light of one's psychic being forms the foundation of Integral Health.

**Dr Bhalendu S. Vaishnav**
Chairperson,
Sri Aurobindo Chair of Integral Studies

INTEGRAL HEALTH

## HEALTH AS PROGRESSIVE HARMONY

Attainment and maintenance of a positive state of health has been one of the prime concerns of mankind since time immemorial. Yet this has been only partially achieved since the man's approach to health has always been partial. The concept of health is so wide that neither single health science nor even a combination of all can provide an integral view of health.

An integral view of health requires an integral view of life, where the human life has to be understood as a step in the process of evolution revealing the involved planes of consciousness to arrive at more specialized, more diversified form. In man, the process has brought a culmination of matter transformed by the mental and vital planes of consciousness. This has so far produced phenomenal growth and diversity in manifestation but has failed comprehensively to solve the problems of mankind. This is verily an indicator that the process of evolution has not yielded the best and it must necessarily move farther so as to come up with higher states of being within the present man which can transform his mental, vital and ultimately the physical consciousness for a wholesome growth of the mankind and solutions to all its problems.

The human behaviour in the post modernization era is characterized by a shift from maximum

**continued on page no. 11**



## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**



Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat, India

*Sheel Shrutam* **:** A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.